



# દક્ષિણ ચીનમાં મેઘતાંડવ

**૨૪ કલાકમાં** ૧૦ ઈંચ વરસાદથી જળબંબાકાર, કારો પાણીમાં ગરકાવ

બેઈજિંગ, તા. 28 (AP): દક્ષિણ ચીનના એક શહેરમાં મૂશળધાર વરસાદને કારણે આવેલા ભારે પૂરમાં કારો પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી અને 200થી વધુ રહેવાસીઓને સ્થળાંતર કરવાની ફરજ પડી હતી. એમ સરકારી મીડિયાએ મંગળવારે અહેવાલ આપ્યો હતો.

સત્તાવાર સમાચાર એજન્સી સિન્હુઆએ અહેવાલ આપ્યો છે કે, ગુઆંગસી પ્રદેશના કિન્ઝોઉ શહેરમાં જે રહેવાસીઓ પોતપોતાના ઘરોમાં ફસાયા હતા તેમને સ્થળાંતરિત કરવામાં મદદ કરવા માટે બચાવ ટુકડીઓએ હવા ભરેલી બોટ તૈનાત કરી હતી. સિન્હુઆના વીડિયો ફૂટેજમાં બચાવકર્મીઓને છાતી સુધીના પાણીમાં ચાલતા અને ફાયર ફાઈટરોને વૃદ્ધ રહેવાસીઓને તેમના હાથમાં ઊંચકીને લઈ જતા બતાવવામાં આવ્યા હતા.

કિન્ઝોઉ સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે, શહેરના હવામાન મથકે સોમવારે સવારે 8 વાગ્યે પૂરા થતા 24 કલાકના ગાળામાં 270 મિલીમીટર (લગભગ 10 ઈંચ)થી વધુ વરસાદ નોંધ્યો હતો. એપ્રિલ મહિનામાં કોઈ એક દિવસમાં ત્યાં નોંધાયેલો આ સૌથી વધુ વરસાદ હતો. સત્તાવાળાઓએ વીચેટ પોસ્ટમાં હવામાન વિશ્લેષક લિન નાનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, દક્ષિણ ચીનના દરિયાકાંઠાના વિસ્તારોમાં આટલો તીવ્ર વરસાદ સામાન્ય રીતે મે મહિનાના મધ્યથી અંતમાં ઉનાળુ ચોમાસાના આગમન પછી જ થાય છે. લિનના જણાવ્યા અનુસાર, એપ્રિલના અંતમાં આટલો ભારે વરસાદ ભાગ્યે જ જોવા મળે છે.

# યુગાન્ડામાં સાયબર-સ્કેમ અને માનવ તસ્કરીનો પર્દાફાશ

**૨૩૧ વિદેશીઓની** અટકાયત, જેમાં ભારતીયો પણ સામેલ

**રાજધાની** કંપાલાના એક એપાર્ટમેન્ટમાં રહેતા સંખ્યાબંધ ભારતીયો, પાકિસ્તાનીઓ, બાંગ્લાદેશીઓ વગેરે પકડાયા

**આ** લોકોમાંથી કેટલાકને ગેરકાયદે તસ્કરી દ્વારા લઇ જવાયા હતા, કેટલાક સાયબર કૌભાંડોમાં પણ સંડોવાયેલા હોવાની શંકા

કંપાલા(યુગાન્ડા), તા. ૨૮(AP): યુગાન્ડાના સત્તાવાળાઓએ મંગળવારે જણાવ્યું હતું કે તેઓએ ગેરકાયદેસર સ્થળાંતર વિરુદ્ધની કાર્યવાહીમાં ભારતીયો અને પાકિસ્તાનીઓ સહિત ડઝનબંધ વિદેશીઓની અટકાયત કરી છે. આંતરિક બાબતોના મંત્રાલયે સંકેત આપ્યો છે કે આ મામલો માનવ તસ્કરી અને સાયબર-સ્કેમ ઓપરેશન્સ સાથે જોડાયેલો છે.

સોમવારથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨૩૧ લોકોની અટકાયત કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં દેશના ઉત્તર ભાગમાં રહેતા નાઈજિરિયનોના એક જૂથને તેમજ રાજધાની કંપાલામાં એક બંધ કમ્પાઉન્ડમાં સાથે રહેતા વિદેશીઓના અન્ય એક જૂથને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું. બીજા જૂથમાં પાકિસ્તાન, ભારત, બાંગ્લાદેશ, ઘાના, મ્યાનમાર, ઈથોપિયા, શ્રીલંકા, કંબોડિયા અને મલેશિયાના લોકોનો સમાવેશ થાય છે. આંતરિક બાબતોના મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ તમામ લોકો એક અત્યંત સુરક્ષિત અને સ્વનિર્ભર એપાર્ટમેન્ટ સંકુલમાં રહેતા હતા, જે પોતાની રેસ્ટોરન્ટ અને આંતરિક સુવિધાઓથી સજ્જ હતું અને તેને અવરજવર મર્યાદિત રાખવા માટે તૈયાર કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં મળી આવેલા ૧૬૯ લોકોમાંથી ૩૬ મહિલાઓ હતી.

સત્તાવાળાઓ કહે છે કે તેઓએ ગુપ્ત માહિતીના આધારે આ કાર્યવાહી કરી છે, જેમાં જાણવા મળ્યું હતું કે વિદેશીઓના મોટા જૂથો જરૂરી દસ્તાવેજો વિના યુગાન્ડામાં રહી રહ્યા છે અથવા કામ કરી રહ્યા છે. મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઘણા લોકો પાસે પાસપોર્ટ પણ નહોતા. નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, કેટલાક વ્યક્તિઓએ દાવો કર્યો છે કે તેમને રોજગારના વચન સાથે યુગાન્ડામાં તસ્કરી કરીને લાવવામાં આવ્યા હતા. અન્ય લોકો સાયબર-સ્કેમિંગ પ્રવૃત્તિઓમાં રોકાયેલા હતા. થોડાક લોકો પાસેથી એવી સામગ્રી મળી આવી છે જે અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવણી હોવાનું સૂચવે છે. જે લોકોએ કાયદાનો ભંગ કર્યો હશે તેમને ફોજદારી કાર્યવાહીનો સામનો કરવો પડશે.

આફ્રિકન દેશ યુગાન્ડા વિદેશીઓનું સ્વાગત કરવા માટે જાણીતું છે અને તે કોંગો, બુરુન્ડી અને દક્ષિણ સુદાન જેવા પાડોશી દેશોમાં હિંસક સંઘર્ષથી ભાગી રહેલા લાખો શરણાર્થીઓને આશ્રય આપે છે. ટૂંકી મુલાકાતો માટે, આફ્રિકા અને અન્ય ઘણા દેશોના લોકો માટે એન્ટ્રી વિઝાની જરૂર હોતી નથી.

# ડીજીટલ એરેસ્ટ સાથે સંકળાયેલા ૯૪૦૦ વોટ્સએપ એકાઉન્ટો પર આ વર્ષે પ્રતિબંધ

**સુઓ** મોટો કેસની સુનાવણી વખતે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને આપેલી માહિતી

**સુપ્રીમના** આદેશ અનુસાર ડીજીટલ એરેસ્ટ સંદર્ભમાં વોટ્સએપે ખાસ તપાસ શરૂ કરી હતી

## યુઝરોને સુરક્ષિત રાખવા વૉટ્સએપ નવી પધ્ધતિઓ અમલમાં મૂકી રહ્યું છે

વપરાશકર્તાઓને વધુ સુરક્ષિત રાખવા માટે વોટ્સએપ કેટલીક એન્ફોર્સમેન્ટ ઇનોવેશન તૈનાત કરી રહ્યું છે, જેમાં 'લોગો ડિટેક્શન'નો સમાવેશ થાય છે. આ સિસ્ટમ એવા એકાઉન્ટ્સને ઓળખીને દૂર કરશે જે પ્રોફાઇલ પિક્ચરમાં સત્તાવાર પોલીસ અથવા સરકારી પ્રતીકોનો ઉપયોગ કરે છે. સ્ટેટસ રિપોર્ટમાં જણાવાયું છે કે વોટ્સએપ એક નવી સુવિધા દાખલ કરવાનું વિચારી રહ્યું છે, જે વપરાશકર્તાઓને ત્યારે ચેતવણી આપશે જ્યારે તેમને 'નવા બનેલા' અથવા 'ઓછા સમયથી સક્રિય' એકાઉન્ટમાંથી કોલ આવશે, કારણ કે આ સ્કેમ પ્રોફાઇલ્સનું સામાન્ય લક્ષણ છે. આ ઉપરાંત, શંકાસ્પદ અજાણ્યા કોલર્સના પ્રોફાઇલ પિક્ચરને આપમેળે છુપાવવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવશે જેથી છેતરપિંડી કરનારાઓ સત્તા દર્શાવતા વિઝ્યુઅલ સંકેતોનો ઉપયોગ ન કરી શકે.

નવી દિલ્હી, તા. ૨૮(PTI): ડિજિટલ એરેસ્ટના વધતા જતા જોખમને રોકવા માટે ટેલિકોમ રેગ્યુલેટર્સ, સર્વિસ પ્રોવાઈડર્સ, આરબીઆઈ (RBI), ટેક દિગ્ગજો અને સીબીઆઈ (CBI) દ્વારા બહુપક્ષીય કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત, આવા ગુનાઓમાં સંડોવાયેલા ૯,૪૦૦ વોટ્સએપ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાનું કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે.

ગૃહ મંત્રાલયના ઈન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર(I4C) દ્વારા આ કાર્યવાહીની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, દેશમાં ડિજિટલ એરેસ્ટના વધતા કિસ્સાઓને ડામવા માટે ૯ ફેબ્રુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે આપેલા નિર્દેશોના પાલનમાં I4C એ એક વ્યાપક સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વ હેઠળની બેન્ચે ડિજિટલ એરેસ્ટ સહિતના ઓનલાઈન ફ્રોડની સુઓ મોટો નોંધ લીધી હતી.

કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI), ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT) અને અન્યને સંયુક્ત બેઠક યોજીને ડિજિટલ એરેસ્ટના કિસ્સામાં વળતર આપવા માટેનું માળખું તૈયાર કરવા સહિતના અનેક નિર્દેશો આપ્યા હતા.

એટર્ની જનરલ આર. વેંકટરામણી દ્વારા દાખલ કરવામાં આવેલા તાજા સ્ટેટસ રિપોર્ટમાં આ વર્ષે જાન્યુઆરીથી છેલ્લા ૧૨ અઠવાડિયા દરમિયાન ટેક દિગ્ગજ વોટ્સએપ દ્વારા લેવામાં આવેલા પગલાંની વિગતો આપવામાં આવી છે. રિપોર્ટમાં જણાવાયું છે કે, I4C, MEITY અને DoT દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓના સીધા પ્રતિસાદ રૂપે, વોટ્સએપે જાન્યુઆરી ૨૦૨૬માં ભારતીય વપરાશકર્તાઓને નિશાન બનાવતા ડિજિટલ એરેસ્ટ કૌભાંડો પર કેન્દ્રિત એક વિશેષ તપાસ શરૂ કરી હતી. આ તપાસમાં કડક પદ્ધતિ અપનાવવામાં આવી હતી: સંકેતો ઓળખવા, નેટવર્કને મેપ કરવું, આખા નેટવર્ક સામે કાર્યવાહી કરવી અને મોટા પાયે સ્વચાલિત સુરક્ષા કવચ ઊભું કરવું. વધુમાં ઉમેર્યું હતું કે ડિજિટલ એરેસ્ટમાં સંડોવણીના આરોપસર ૯,૪૦૦ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## પેજ 3

### આમિર ખાને '3 ઈડિયટ્સ'ની સીક્વલની પુષ્ટિ કરી




મુંબઈ, તા. 28: આમિર ખાને સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે, '3 ઈડિયટ્સ'ની સીક્વલ પર કામ ચાલી રહ્યું છે, જેનાથી હિન્દી સિનેમાની સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મોમાંની એક વિશે વર્ષોથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. તાજેતરના એક ઇન્ટરવ્યુમાં આમિરે કહ્યું હતું કે, દિગ્દર્શક રાજકુમાર હિરાણી અત્યારે લેખક અભિજાત જોશી સાથે મળીને સીક્વલ પર કામ કરી રહ્યા છે. જોકે, સ્ક્રિપ્ટ હજી પણ સુધારવામાં આવી રહી છે, અભિનેતાએ જણાવ્યું હતું કે, મુખ્ય વાર્તાને પહેલેથી જ આકાર આપી દેવાયો છે અને તે એક તાજી છતાં પરિચિત કથાનું વચન આપે છે. આગામી ફિલ્મમાં 10 વર્ષનો 'ટાઈમ જમ્પ' જોવા મળશે, જેમાં પ્રિય પાત્રો–રેન્ચો, ફરહાન અને રાજુ–તેમના જીવનના એક નવા તબક્કે ફરી જોવા મળશે.

### પ્રેગ્નન્સીની જાહેરાત બાદ દીપિકા પાદુકોણ પ્રથમ વખત જાહેરમાં જોવા મળી



મુંબઈ, તા. ૨૮ : અભિનેત્રી દીપિકા પાદુકોણે પોતાની બીજી પ્રેગ્નન્સીની જાહેરાત કર્યા બાદ મંગળવારે પ્રથમ વખત બહાર નીકળી હતી. અભિનેત્રી મંગળવારે વહેલી સવારે મુંબઈ એરપોર્ટ પર પતિ રણવીર સિંહ સાથે જોવા મળી હતી. આ કપલ આ વર્ષના અંતમાં તેમના બીજા બાળકનું સ્વાગત કરવા જઈ રહ્યું છે. દીપિકાએ આ વખતે આરામદાયક છતાં સ્ટાઇલિશ લુક પસંદ કર્યો હતો. તેણે ઓવર-સાઇઝ્ડ કોબાલ્ટ બ્લૂ કો-ઓર્ડ સેટ પહેર્યો હતો, જેમાં કોન્ટ્રાસ્ટ સ્ટિચિંગવાળું લૂઝ બટન-ડાઉન શર્ટ અને સ્ટ્રેટ-ફિટ ટ્રાઉઝર હતું. તેણે આ આઉટફિટને બ્રાઇટ યલો સ્નીકર્સ સાથે જોડી દીધો હતો અને ક્લાસિક બ્લેક હેન્ડબેગ કેરી કરી હતી. તેના વાળ વ્યવસ્થિત રીતે પાછળ બાંધેલા હતા, જે તેના રિલેક્સ્ડ એરપોર્ટ લુકને પૂર્ણ કરતા હતા.

# એથેન્સમાં ૮૯ વર્ષના વૃદ્ધનો આતંક

**શોટગન** સાથે ઓફિસ અને કોર્ટમાં ઘૂસીને કર્યું ફાયરિંગ

એથેન્સ, તા. 28 (AP): ગ્રીસની રાજધાનીની પોલીસ મંગળવારે મધ્ય એથેન્સમાં એક સામાજિક સુરક્ષા કચેરી અને કોર્ટહાઉસમાં ગોળીબાર કરનાર એક બંદૂકધારીની શોધ કરી રહી હતી, જેની ઉંમર અંદાજે 89 વર્ષ હોવાનું કહેવાય છે. આ ઘટનામાં ઓછામાં ઓછા ચાર લોકો ઘાયલ થયા છે.

પોલીસે જણાવ્યું કે, શૉટગનથી સજ્જ બંદૂકધારીએ શરૂઆતમાં સામાજિક સુરક્ષા કચેરીમાં ગોળીબાર કર્યો હતો, જેમાં એક કર્મચારી ઘાયલ થયો હતો. ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ-અધિકારીઓએ ઘાયલ વ્યક્તિની સારવાર કરી હતી, પરંતુ બંદૂકધારી ત્યાંથી નાસી છૂટ્યો હતો.

સ્થાનિક મીડિયાએ સુરક્ષા કેમેરાના ફૂટેજ પ્રસારિત કર્યા હતા, જે સામાજિક સુરક્ષા કચેરીની નજીકની એક સ્થાનિક દુકાનના હોવાનું કહેવાય છે. જેમાં એક વ્યક્તિ શાંતિથી રસ્તો ઓળંગતો દેખાય છે અને તેના જમણા હાથમાં ટૂંકી નળીવાળી શૉટગન જેવું કંઈક પકડેલું જોવા મળે છે.

પોલીસે જણાવ્યું હતું કે, આ જ વ્યક્તિ પર બાદમાં મધ્ય એથેન્સના અન્ય ભાગમાં આવેલી કોર્ટ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ગોળીબાર કરવાનો શંકા છે, જ્યાં અનેક લોકો ઘાયલ થયા હતા. પોલીસે વધુમાં ઉમેર્યું હતું કે સત્તાવાળાઓને શૉટગન મળી આવી છે.

ટેલિવિઝન ફૂટેજમાં એમ્બ્યુલન્સ ક્રૂ કોર્ટહાઉસમાંથી ઓછામાં ઓછા ત્રણ લોકોને બહાર લાવી એમ્બ્યુલન્સમાં લઈ જતા દેખાયા હતા.

એથેન્સ જ્યુડિશિયલ એમ્પ્લોઈઝ યુનિયનના વડા સ્ટ્રેટિસ ડૌનિયાસે જણાવ્યું હતું કે, પ્રારંભિક માહિતી મુજબ તે વ્યક્તિએ કોર્ટ બિલ્ડિંગની એક ઓફિસની અંદર ફ્લોર પર ગોળીબાર કર્યો હતો. શૉટગનના છરા વાગવાને કારણે ઓછામાં ઓછી ત્રણ મહિલા કોર્ટ કર્મચારીઓ નજીવી રીતે ઘાયલ થઈ હતી, જ્યારે મીડિયા અહેવાલોમાં જણાવાયું હતું કે ચોથી મહિલા કર્મચારીને કોઈ શારીરિક ઈજા વિના હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. ગોળીબાર કરવા પાછળનો હેતુ અસ્પષ્ટ હતો.

# ઈમરાન ખાનની આંખની સારવાર

**સારવાર** બાદ ખાનને ફરી પાછા જેલમાં મોકલી દેવામાં આવ્યા

ઈસ્લામાબાદ, તા. 28 (PTI): પાકિસ્તાનના જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની તેમની જમણી આંખની બીમારી માટે સ્થાનિક હોસ્પિટલમાં સારવાર કરવામાં આવી હતી અને ત્યાર બાદ મંગળવારે તેમને ફરી જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા.

74 વર્ષીય ખાનને જાન્યુઆરીના અંતમાં 'રાઈટ સેન્ટ્રલ રેટિનલ વેઈન ઓક્લુઝન' (સીઆરવીઓ) હોવાનું નિદાન થયું હતું અને તેમને પાકિસ્તાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (પિમ્સ)માં લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને એન્ટી-વીઈજીએફ ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું, આ સારવાર દર મહિને પુનરાવર્તિત કરવામાં આવે છે. તેમની છેલ્લી સારવાર 23 માર્ચે કરવામાં આવી હતી. પિમ્સના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ખાનને 28 એપ્રિલે આંખની ફોલો-અપ સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા, જે દરમિયાન તેમને ચોથું ઈન્ટ્રાવિટ્રીયલ ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું.

સારવારની પ્રક્રિયા બાદ ખાનને ફરી જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. પ્રવક્તાએ જણાવ્યું કે, "પ્રક્રિયા પહેલાં નેત્રરોગના નિષ્ણાતો દ્વારા તેમની તપાસ કરવામાં આવી હતી અને તેઓ તબીબી રીતે સ્થિર હોવાનું જણાયું હતું."

પ્રવક્તાએ વધુમાં ઉમેર્યું હતું કે, ઈમરાનનું ઓપ્ટિકલ કોહરન્સ ટોમોગ્રાફી કરવામાં આવ્યું હતું, જેમાં તબીબી સુધારો જોવા મળ્યો હતો.

પ્રવક્તાએ કહ્યું હતું કે, સર્જનો દ્વારા માઈક્રોસ્કોપીના માર્ગદર્શન હેઠળ ખાનને ઈન્ટ્રાવિટ્રીયલ ઈન્જેક્શનનો ચોથો ડોઝ આપવામાં આવ્યો હતો.

પ્રવક્તાએ કહ્યું, "હોસ્પિટલમાં રોકાણ દરમિયાન, પ્રક્રિયા પહેલાં તે દરમિયાન અને પછી ખાન શારીરિક રીતે સ્થિર રહ્યા હતા અને તેમને આગળની સંભાળ માટેની સૂચનાઓ તથા ફોલો-અપ સલાહ અને દસ્તાવેજો સાથે રજા આપવામાં આવી હતી."



# ઈન્ડોનેશિયામાં ટ્રેન દુર્ઘટનામાં 15 મહિલાઓનાં મોત

**ઉભેલી** લોકલ ટ્રેનને એક્સપ્રેસ ટ્રેને પાછળથી ઠોકર મારી; ૮૮ મુસાફરો ગંભીર રીતે ઘાયલ

બેકાસી (ઈન્ડોનેશિયા), તા. 28 (AP): બચાવકર્મીઓએ મંગળવારે ક્ષતિગ્રસ્ત લોકલ ટ્રેનના ડબ્બામાંથી પીડિતોને બહાર કાઢવાનું કામ પૂર્ણ કર્યું હતું, જેમાં પુષ્ટિ થઈ છે કે ઈન્ડોનેશિયાની રાજધાની બહાર થયેલા આ અકસ્માતમાં 15 લોકોનાં મોત થયાં છે, જે તમામ મહિલાઓ હતી.

આ અકસ્માત સોમવારે થયો હતો જ્યારે જકાર્તાની બહાર બેકાસી તિમુર સ્ટેશન પર ઊભેલી એક લોકલ ટ્રેનના પાછળના ડબ્બા સાથે એક લાંબા અંતરની ટ્રેન અથડાઈ હતી. આ ડબ્બો માત્ર મહિલાઓ માટે આરક્ષિત હતો, જે છેડતી રોકવા માટેની એક સામાન્ય વ્યવસ્થા છે. રાજ્ય સંચાલિત રેલવે કંપની પીટી કેરેટા એપીઆઈ ઈન્ડોનેશિયાના સીઈઓ બોબી રાસીદિને જણાવ્યું હતું કે, કુલ 88 ઘાયલ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. મૃતકોના મૃતદેહોને વધુ ઓળખ માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. રાસીદિને કહ્યું, ''અમે હાલમાં એ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે તમામ પીડિતોને શક્ય તેટલી શ્રેષ્ઠ સારવાર મળે.''

બચાવ ટુકડીઓએ મધ્ય સવાર સુધીમાં કાટમાળની અંદરથી તમામ પીડિતોને બહાર કાઢવાની કામગીરી પૂરી કરી લીધી હતી. નેશનલ સર્ચ એન્ડ રેસ્ક્યુ એજન્સીના વડા મોહમ્મદ શફીઈએ જણાવ્યું હતું કે, ''હવે કોઈ વધારાની જાનહાનિ નથી.'' અધિકારીઓએ જણાવ્યું હતું કે, અર્ગો બ્રોમો આંગગ્રેક લાંબા અંતરની ટ્રેનના તમામ 240 મુસાફરો સુરક્ષિત છે.

જકાર્તા પોલીસ ચીફ આસેપ એદી સુહેરીએ ઘટનાસ્થળે પત્રકારોને જણાવ્યું હતું કે, પોલીસ અકસ્માતના કારણની તપાસ કરી રહી છે.

# ઈડીએ અનિલ અંબાણી ગ્રુપની વધુ રૂ. 3034 કરોડની મિલકતો ટાંચમાં લીધી

**મુંબઈનો** ફ્લેટ, ખંડાલાનું ફાર્મ હાઉસ અને સાણંદની જમીન EDએ ટાંચમાં લીધી; કુલ જપ્તી રૂ.૧૯,૦૦૦ કરોડને પાર

**આમાંથી** કેટલીક મિલકતો કોકીલાબેનની માલિકીની હોવાનો ગ્રુપનો દાવો

નવી દિલ્હી, તા. 28 (PTI): રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપ (આરએએજી)ની કંપનીઓ સામે ચાલી રહેલી બેંક છેતરપિંડી સાથે સંકળાયેલા મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)એ રૂ.3,034 કરોડની નવી સંપત્તિ જપ્ત કરી છે. એમ સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલી મિલકતો રિલાયન્સ કમ્યુનિકેશન્સ (આરકોમ) અને રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ(આર-ઈન્ફ્રા)ની છે. જેમાં મુંબઈમાં એક ફ્લેટ, મહારાષ્ટ્રના હિલ સ્ટેશન ખંડાલામાં એક ફાર્મ હાઉસ, સાણંદ (અમદાવાદ)માં જમીનના કેટલાક પ્લોટ અને આર-ઈન્ફ્રાના 7.71 કરોડ શેર વગેરેનો સમાવેશ થાય છે. કેન્દ્રીય એજન્સીએ આ અસ્કયામતો જપ્ત કરવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કામચલાઉ જપ્તીનો આદેશ જારી કર્યો હતો. રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપ વિરુદ્ધના કેસોમાં મિલકતોની કુલ જપ્તી હવે રૂ.19,344 કરોડ સુધી પહોંચી ગઈ છે. બેંક છેતરપિંડી અને ભંડોળના ડાયવર્ઝનના આરોપસર ઈડી દ્વારા આ ગ્રુપની તપાસ કરવામાં આવી રહી છે. આ ટાંચમાં લેવામાં આવેલી મિલકતોમાંથી મુંબઈનો ફ્લેટ અનિલ અંબાણીની માલિકીનો છે જ્યારે ખંડાલાનું ફાર્મ હાઉસ તેમના પુત્ર જય અંશુલ અંબાણીની માલિકીનો છે. રિલાયન્સ કોમ્યુનિકેશન્સ(RCOM) એ રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપ(RAAG) ની કંપની છે. RAAGના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, જપ્ત કરાયેલી કેટલીક મિલકતો અનિલ અંબાણીના માતા કોકિલાબેન ડી. અંબાણીની છે.

# પટિયાલામાં રેલવે ટ્રેક ઉડાવવાનું આતંકી કાવતરું નિષ્ફળ

**વિસ્ફોટ** કરતી વખતે જ આતંકીના ચિથરેચિથરા ઊડ્યા

**ખાલિસ્તાન** તરફી આતંકી મોડ્યુલ સાથે જોડાયેલા 4ની ધરપકડ

ચંદીગઢ, તા. 28 (PTI) પટિયાલામાં શંભુ વિસ્તાર પાસે ફ્રેઈટ કોરિડોર રેલવે ટ્રેક પર મોડી રાત્રે ખાલિસ્તાન તરફી આતંકી મોડ્યુલ દ્વારા વિસ્ફોટ કરવામાં આવ્યો હતો, જેમાં વિસ્ફોટ કરવાનો પ્રયાસ કરતી વખતે તેનો એક સભ્ય માર્યો ગયો હતો. એમ પોલીસે મંગળવારે જણાવ્યું હતું અને ઉમેર્યું હતું કે મોડ્યુલના ચાર સભ્યોની ધરપકડ કરવામાં આવી છે.

સોમવારે રાત્રે શંભુ-અંબાલા રેલ ટ્રેક પર થયેલા આ વિસ્ફોટને શરૂઆતમાં ઓછી તીવ્રતાનો વિસ્ફોટ ગણાવવામાં આવ્યો હતો. જોકે, તપાસમાં બાદમાં જાણવા મળ્યું હતું કે આ ટ્રેકને ઉડાવી દેવાનો પ્રયાસ હતો. એમ પોલીસે જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, માલગાડીઓ માટેના બનેલા રેલ ટ્રેક પર બોથોનિયા ગામ પાસે આ વિસ્ફોટ થયો હતો, જેના કારણે નુકસાન થયું હતું અને રેલવે લાઇનની નીચે એક નાનો ખાડો પડી ગયો હતો.

છેલ્લા ત્રણ મહિનામાં ફ્રેઈટ કોરિડોરમાં વિસ્ફોટની આ બીજી ઘટના હોવાનું નોંધતાં એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ સંકેત આપ્યો હતો કે આ મામલે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા તપાસ થવાની શક્યતા છે.

પોલીસને ઘટનાસ્થળેથી એક અજાણ્યો મૃતદેહ મળી આવ્યો હતો, જેના ટુકડા થઈ ગયા હતા. મૃતદેહના અંગો રેલવે ટ્રેક પર વેરવિખેર પડ્યા હતા. પટિયાલાના એસએસપી વરુણ શર્માએ જણાવ્યું હતું કે, જે વ્યક્તિ વિસ્ફોટ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો તેનું આ પ્રયાસમાં જ મોત નીપજ્યું હતું. પોલીસે મૃતક શકમંદની ઓળખ તરનતારન જિલ્લાના પંજવાર ગામના રહેવાસી જગરૂપ સિંહ તરીકે કરી છે. વિસ્ફોટના સ્થળની મુલાકાત લેનારા સ્પેશિયલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (રેલવે) શશી પ્રભા દ્વિવેદીના જણાવ્યા અનુસાર, સીસીટીવી ફૂટેજમાં જગરૂપ અમૃતસરમાં તેનું મોટરસાઈકલ પાર્ક કરતો જોવા મળ્યો હતો.

# ભારતીય એરલાઈન્સ ઉદ્યોગ 'ડેન્જર ઝોન'માં

**એર** ઇન્ડિયા, ઇન્ડિગો અને સ્પાઇસજેટની સરકાર પાસે મદદની ગુહાર

**મોંઘા** ઈંધણ અને પશ્ચિમ એશિયાના તણાવને કારણે વિમાનો ગ્રાઉન્ડ થવાની ભીતિ; તાત્કાલિક પેકેજની માંગ

મુંબઈ, તા. 28 (PTI): એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટે સરકારને જણાવ્યું છે કે, દેશનો એરલાઈન ઉદ્યોગ અત્યંત તણાવમાં છે અને કામગીરી બંધ કરવાના આરે છે. આ સાથે તેમણે એટીએફ (એવિએશન ટર્બાઈન ફ્યુઅલ)ના ભાવમાં સુધારો અને નાણાકીય સહાયની માંગ કરી છે.

પશ્ચિમ એશિયાની અશાંતિને કારણે તેલના ભાવમાં વધારો થયો છે અને હવાઈ ક્ષેત્રના પ્રતિબંધોએ એરલાઈન્સના ઓપરેટિંગ ખર્ચમાં વધારો કર્યો છે, ખાસ કરીને લાંબા અંતરના રૂટ પર. એરલાઈનના ઓપરેશનલ ખર્ચમાં એટીએફનો હિસ્સો લગભગ 40 ટકા જેટલો હોય છે. આ પરિસ્થિતિને જોતાં ફેડરેશન ઓફ ઈન્ડિયન એરલાઈન્સ (એફઆઈએ) એ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખીને ઘરેલું અને આંતરરાષ્ટ્રીય બંને કામગીરીમાં સમાન ઈંધણ ભાવ પદ્ધતિ લાગુ કરવા માટે પગલાં લેવા વિનંતી કરી છે, જે અગાઉ 'ક્રેક બેન્ડ'ની સ્થાપના સાથે કરવામાં આવી હતી. જેટ ફ્યુઅલના ભાવમાં અભૂતપૂર્વ વધારો અને ક્રૂડ તથા એટીએફ વચ્ચેના અસાધારણ તફાવત સાથે ફેડરેશને જણાવ્યું હતું કે, એરલાઈન્સનું સંચાલન સંપૂર્ણપણે પડકારજનક બની રહ્યું છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટનું પ્રતિનિધિત્વ કરતા ફેડરેશને જણાવ્યું હતું કે, "...એટીએફના ભાવમાં કોઈપણ એડ-હોક પ્રાઈસિંગ (ઘરેલું વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય) અને/અથવા અતાર્કિક વધારાના પરિણામે એરલાઈન્સને ન ભરી શકાય તેવું નુકસાન થશે અને વિમાનો ગ્રાઉન્ડ કરવા પડશે, જેના પરિણામે ફ્લાઈટ્સ રદ થશે."